313/૫


# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

પંડિત દિનદયાળ ઉપાધ્યાય ભવન, ફાયર સ્ટેશનની પાછળ,
સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૬
ફોન નં-૦૭૯૨૩૨૨૦૪૪૦ ફેક્સ નં-૦૭૯૨૩૨૨૧૪૧૯
Email : gmc8gandhinagar@gmail.com


ક્રમાંક:ગાં.મ.ન.પા/વહટ/ફન.૨૩/ ૨૯૩૯/૨૦૨૩ તા.૦૧/૧૨/૨૦૨૩

**વંચાણે લીધાં:**

૧. ગુજરાત સરકારશ્રીના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: ભનક/૧૦૨૦૨૧/મુમક-૦૧/ક તા.૧૮/૦૨/૨૦૨૨

૨. પી.આઇ.એલ. નં.૮૦/૨૦૨૩ અન્વયે નામદાર ગુજરાત હાઇકોર્ટનો તા.૩૧/૦૮/૨૦૨૩નો હુકમ

**હુકમ:**

ગુજરાતી ભાષા એ ફક્ત ભાષા નથી બહોળો ગૌરવશાળી ઇતિહાસ અને સમૃદ્ધ સાહિત્ય ધરાવતી સંસ્કૃતિ છે. ગુજરાતી ભાષાનો ઉપયોગ ગ્રામ્ય વિસ્તારમાં બહોળા પ્રમાણમાં થાય છે પરંતુ વધતા જતા શહેરીકરણના કારણે ગાંધીનગર શહેરમાં પણ ગુજરાતી ભાષાનો બહોળો ઉપયોગ થાય તે માટે પ્રયત્ન કરવામાં આવે તે જરૂરી જણાય છે.

આથી વંચાણે લીધેલ (૧) ના પરિપત્રથી ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ગુજરાતી ભાષાનો બહોળો ઉપયોગ થાય તે માટે નીચે મુજબની વ્યવસ્થા કરવા ગાંધીનગર મહાનગરપાલિકાને જણાવેલ છે.

૧. ગાંધીનગર મહાનગરપાલિકા હસ્તકની તમામ કચેરીઓ અને સાર્વજનિક સ્થળોએ જ્યાં જ્યાં નામ સુચના માહિતી દિશા નિર્દેશ લખેલા હોય તે સર્વે લખાણોમાં અંગ્રેજી/ હિંદી સાથે ગુજરાતી ભાષાનો ઉપયોગ ફરજિયાત કરવાનો રહેશે.

૨. સરકારી પરિસરોની જેમ જ ખાનગી માલિકીના સાર્વજનિક સ્થળોએ જેમ કે સિનેમા ગૃહ નાટ્ય ગૃહ બેન્કવેટ હોલ શાળા કોલેજ સુપર માર્કેટ શોપીંગ મોલ્સ હોસ્પિટલ વાતાનુકૂલિત વ્યવસ્થા ધરાવતી હોટેલ / રેસ્ટોરન્ટ અને કેફે બેંક વાંચનાલય બગીચાઓ ઇત્યાદિ જગ્યાઓ પર નામ સૂચના માહિતી દિશા નિર્દેશો લખેલા હોય તે સર્વે લખાણોમાં અંગ્રેજી / હિંદી સાથે ગુજરાતી ભાષાનો પણ ફરજિયાત ઉપયોગ કરવાનો રહેશે.

વંચાણે લીધેલ(૨)ના નામ.ગુજરાત હાઇકોર્ટના હુકમથી સદર પરિપત્રનો ચુસ્તપણે અમલે કરવા જણાવેલ છે.

આ અંગે સંબંધિત તમામ શાખાએ સરકારશ્રીના પરિપત્ર અન્વયે જે તે લાગુ પડતા એકમો સાથે કામ બહાર પાડતી વખતે તેમજ દરેક શાખાધિકારીશ્રી/કર્મચારીશ્રીએ પોતાના કામના સંદર્ભમાં ક્ષેત્રિય મુલાકાત વખતે આ બાબતનુ ચુસ્તપણે પાલન કરવા હુકમ કરવામાં આવે છે.

(તા.૦૫/૧૧/૨૦૨૩ ના રોજ નોંધ પર મળેલ
માન. મ્યુનિસિપલ કમિશનરશ્રીના આદેશ અનુસાર)

નાયબ મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા

પ્રતિ
સંબંધિત તમામ શાખાધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તરફે અમલવારી કરવા સારૂ